# Day to Day Current Affairs

19.Dec 2015

## ૧. દિવ મુક્તિ દિન :

- કેન્દ્રશાસિત પ્રદેશ દિવ 19મી ડિસેમ્બર 1961ના આઝાદ થયા બાદ દર વર્ષે 19 ડિસેમ્બરને દિવ મુક્તિ દિન તરીકે ઉજવે છે.
- ભારત આઝાદ થયા બાદ પણ ફિરંગીઓએ 14 વર્ષ દમણ, દિવ, ગોવામાં રાજ કર્યુ હતું.
- 1961માં આઝાદ થયા પહેલા પોર્ટુગિઝે દિવ પર 450 વર્ષ રાજ કર્યું હતું અને એ પહેલાઅ મોગલ બાદશાહોએ રાજ કર્યું હતું.
- આ પ્રદેશોને ભારત સરકારે કબ્જે કરી આઝાદ કર્યા બાદ તેમના વધુ વિકાસ માટે કેન્દ્ર સરકારે આ પ્રદેશને કેન્દ્રશાસિત જાહેર કર્યા હતા.

## ૨. મધર ટેરેસાને આગામી વર્ષે સંતની પદવી મળશે :

- કોલકત્તામાં મિશન ઓફ ચેરિટીની સ્થાપના કરનાર મધર ટેરેસાને સંતની પદવીથી નવાજવામાં આવશે.
- તેમને સપ્ટેમ્બર 2016માં આ પદવીથી નવાજવમાં આવશે.
- રોમન કેથલિક સંપ્રદાયના સર્વોચ્ચ ધાર્મિક વડા પોપ ફ્રાન્સિસે મધર ટેરેસાના નામે થયેલા બીજા ચમત્કારને સમર્થન આપતાં આ પદવીથી નવાજવામાં આવશે.

## 3. ગુજરાતનું પ્રથમ આજીવિકા વ્યાપાર સેવન કેન્દ્ર :

- તાજેતરમાં રાજકોટમાં ગુજરતનું સૌપ્રથમ એનએસઆઇસીનું પ્રશિક્ષણ તથા ઇન્ક્યુબેશન સેન્ટર ( આજીવિકા વ્યાપાર સેવન કેન્દ્ર) ખુલ્લુ મુકવામાં આવ્યુ જેમા નાના ઉદ્યોગો અને સ્વરોજગારીને લગતા કોર્ષિસ ચલાવાશે અને તકનીકી પ્રશિક્ષણ આપવામાં આવશે.
- એનએસઆઇસી અર્થાત નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. જે દેશમાં સુક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગના વિભાગની નોડેલ એજન્સી છે.
- આ કેન્દ્રમાં રૂ.ચાર હજારથી લઇ રૂ 25 હજાર સુધીની ફી માં એકથી છ માસ સુધીના કોર્ષ રહેશે.
- આ વર્ષે આ કેન્દ્ર મારફત 900 જેટલા વ્યકિતઓને પ્રશિક્ષણ આપવાનો લક્ષ્યાંક છે.
- આ કેન્દ્રમાં પ્રશિક્ષણ મેળવ્યા બાદ વ્યકિત સ્વરોજગારી મેળવવા સક્ષમ બની શકશે.
- કેન્દ્રના લઘુ તથા મધ્યમ ઉદ્યોગના મંત્રી કલરાજ મિશ્રાના હસ્તે આ કેન્દ્ર ખુલ્લુ મુકાયું હતું.

## ૪. મૌરીસીઓ માક્રી – આર્જેન્ટિનાના નવા ચૂંટાયેલા પ્રમુખ.

**<u>પ્રશ્નો</u>**

૧.ક્યા દિવસે વિશ્વ મુક્તિ દિન મનાવાય છે ? .... 19 ડિસેમ્બર

૨.સપ્ટેમ્બર 2016માં કોને સંતની પદવી એનાયત થશે ? મધર ટેરેસા

૩.મધર ટેરેસાએ કોલકત્તામાં કઇ સંસ્થાની સ્થાપના કરી હતી ? મિશન ઓફ ચેરીટી

૪.તાજેતરમાં ગુજરાતનું પ્રથમ આજીવિકા વ્યાપાર સેવન કેન્દ્ર ક્યાં શરૂ કરાયું ? રાજકોટ

૫.એનએસઆઇસીનું પુરૂ નામ લખો. નેશનલ સ્મોલ ઇન્ડિસ્ટ્રીઝ કોર્પોરેશન લી.

૬.હાલમાં કેન્દ્રના લઘુ તથા મધ્યમ ઉદ્યોગના મંત્રી કોણ છે ? કલરાજ મિશ્રા

૭.તાજેતરમાં ચૂંટાયેલા આર્જેન્ટિનાના નવા પ્રમુખનું નામ જણાવો ? મૌરીસીઓ માક્રી

Vivekanand Academy, Gandhinagar